| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૩–૦૬–૨૦૨૫ |
| રજીસ્ટર્ડ તારીખ | ૦૩–૦૬–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૧૩–૦૪–૨૦૨૬ |
| અવધી | ૦૦–૧૦–૧૦ |

==========================================

# ધંધુકાનાં મહેરબાન એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં, ધંધુકા

==========================================

**ક્રિમીનલ કેસ નંબર : ૩૪૧ / ૨૦૨૫**

**આંક :**

**ફરિયાદી : શ્રી સરકાર,**

**વિરૂધ્ધ**

**આરોપીઓ :** ૧) ભુપતભાઈ કાળુભાઈ દલોલીયા,

૨) પ્રકાશભાઈ ઘનશ્યામભાઈ વાઘ્રોડીયા,

રહે. તગડી, તા. ધંધુકા, જી. અમદાવાદ.

૩) અરવિંદભાઈ મોશનભાઈ કાંજીયા,

રહે. ઉંચડી, તા.ધંધુકા, જી. અમદાવાદ.

૪) મોહશીનખાન રફિકખાન પઠાન

રહે. શીહોર, વોરાવાડ મસ્જીદ પાસે,

મોધીમાની જગ્યા, તા.શીહોર, જી. ભાવનગર.

ગુનો :– **ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબ**

==================================================

શ્રી સરકાર તરફે વિદ્વાન એડીશ્નલ પબ્લીક પ્રોસીક્યુટર શ્રી ડી.આર. ભીલવાર
આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રીઓ એ. જી. વહુકિયા, એસ. આઈ. બુખારી, તથા ડબલ્યુ. એમ. મોદન

==================================================

## -: ઠ રા વ :-

(૧) આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૩૦૩(૨), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ છે.

(૨) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ કે. ઈ. સી. ઈન્ટરનેશનલ લીમીટેડ કંપનીના લોથલ થી બોટાદ રેલ્વે લાઈનમાં વીજ વાયર નાખવાનું કામ ચાલુ હોય અને ફરિયાદી ગાર્ડ તરીકે નોકરી કરતાં હોય જે આ કામના આરોપીઓએ રેલ્વે વીજ લાઈન ૧૩૪/૨ થી ૧૩૪/૩ ની વચ્ચેનો અંદાજીત ૫૦ મીટર જેટલો ઈલેકટ્રીક વાયર જેની અંદાજીત કિંમત રૂ. ૪૮,૦૦૦/- કાપીને કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરીને લઈ જઈ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ-૩૦૩(૨), ૫૪ મુજબનો ગુનો કરેલો છે.

(૩) આ કામના આરોપીઓ વિરૂધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીઓને સમન્સ/વોરંટ કરતા આરોપીઓ હાજર થતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૦ મુજબ આરોપીઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કર્યા બાદ આંક-૦૬ થી આરોપીઓ પર તહોમતનામું ફરમાવવામાં આવેલ, જે અન્વયે આં

ક–૦૭ થી ૧૦ સુધી પ્લી લેવામાં આવતાં આરોપીઓએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

***<u>મૌખિક પુરાવો</u>***

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | ફરીયાદી ઓમદેવસીંહ મહેન્દ્રસીંહ ડોડીયાની જુબાની |
| ૨ | ૧૬ | પંચ સાહેદ ભોપાભાઈ વિભાભાઈ મુંધવાની જુબાની |
| ૩ | ૧૮ | પંચ સાહેદ ચિરાગભાઈ ભુપતભાઈ ડણીયાની જુબાની |
| ૪ | ૧૯ | પંચ સાહેદ સવજીભાઈ ગોવિંદભાઈ રાઠોડની જુબાની |
| ૫ | ૨૧ | પંચ સાહેદ ભરતભાઈ ભુદરભાઈ સોલંકિની જુબાની |
| ૬ | ૨૨ | પંચ સાહેદ ઈમ્તીયાઝભાઈ ગુલામહુશેન મળવતની જુબાની |
| ૭ | ૨૬ | પંચ સાહેદ તૌફિકભાઈ દાદુભાઈ રાઠોડની જુબાની |

***<u>દસ્તાવેજી પુરાવા</u>***

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૫ | ફરીયાદ |
| ૨ | ૧૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૨૦ | મુદામાલ કબ્જે કર્યાનું પંચનામું |
| ૪ | ૨૩ | આરોપીનું અટક પંચનામું |

ચાર્જશીટની વિગતે ફરીયાદપક્ષે તપાસાયેલ સાહેદોના રજુ પુરાવાની હકીકતે વિ.એ.પી.પી.શ્રી તરફથી ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું મૌખિક વિનંતીથી જણાવતા હોય, તેથી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ છે.

(૫) આ કામે ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો પડેલ ન હોઈ તેમજ આરોપીઓ તરફે આંક–૨૭ થી નો એફ.એસ. પુરશીશ રજુ કરેલ હોય, જેથી આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) બન્ને પક્ષે દલીલો સાંભળી.

(૭) સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થાય છે.

**–:: મુદ્દા ::–**

મુદ્દા નં.૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ કે. ઈ. સી. ઈન્ટરનેશનલ લીમીટેડ કંપનીના લોથલ થી બોટાદ રેલ્વે લાઈનમાં વીજ વાયર નાખવાનું કામ ચાલુ હોય અને ફરિયાદી ગાર્ડ તરીકે નોકરી કરતાં હોય જે આ કામના આરોપીઓએ રેલ્વે વીજ લાઈન ૧૩૪/૨ થી ૧૩૪/૩ ની વચ્ચેનો અં દાજીત ૫૦ મીટર જેટલો ઈલેકટ્રીક વાયર જેની અંદાજીત કિંમત રૂ. ૪૮,૦૦૦/– કાપીને કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરીને લઈ જઈ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૨ શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારમાં

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## **-: કારણો :-**

(૯) **મુદ્દા નં.૧ અને ૨ :-**

પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબનો ગુન્હો પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર હોય છે. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણોની ચર્ચા કરતી વખતે, આ કામે નોંધવામાં આવેલ ફરીયાદીની તથા સાહેદોની જુબાની તે રેકર્ડનો ભાગ હોઈ, તેઓની જુબાનીનો સારાંશ પ્રથમ નોંધીને પછી તેની ચર્ચા કરવાને બદલે, બિનજરૂરી પુનરાવર્તન ન થાય તે હેતુથી, મુદ્દા અનુસાર સંબંધિત જગ્યાએ ફરીયાદીની તથા સાહેદોની જુબાની ચર્ચવામાં આવેલ છે. આંક-૧૪ થી તપાસેલા ફરીયાદી રઓમદેવસીંહ મહેન્દ્રસીંહ ડોડીયાનાઓએ તેઓની સરતપાસમાં બનાવ જુબાની આપ્યાના આશરે નવેક માસ પહેલાં બનેલાની હકીકત જણાવેલી છે. બનાવ વખતે તેઓ તગડી ગામની સીમમાં નોકરીની જગ્યા ઉપર પહોંચેલ ત્યારે નવ વાગ્યાની ટ્રેન જે તેઓના પોઈન્ટ ઉપર ઉભેલી દુરથી જોયેલ હતી. ત્યારબાદ નજીક જઈને જોતાં ટ્રેન બોટાદ તરફ જવા નિકળેલ અને નજીક જઈને જોયેલ તો ૧૨૬ થી ૧૩૪/૨, ૩ ઈલેકટ્રીક વાયર કપાયેલ હતો. જે વાયર તપાસ કરતાં ૧૩૪/૨ થી ૧૩૪/૩ વચ્ચેનો અંદાજે ૫૦ મીટર જેટલો જેની અંદાજીત કિં. રૂ. ૪૮,૦૦૦/- ની હોય તે રાત્રીના આઠ વાગ્યાથી નવ વાગ્યાની વચ્ચે કપાયેલ હોય. તેની જાણ તેઓએ તેઓના સુપરવાઈઝરને કરતાં આ બાબતે કે. ઈ. સી. કંપનીના મેનેજર પુષ્પેન્દ્ર જગતરાજનાઓની સાથે ધંધુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયેલા. તેઓને અસદ ફરિયાદ બતાવતાં તેમાં તેઓની સહિ ઓળખી બતાવે છે. તેઓ આ કામના આરોપીઓને જોયેથી ઓળખતા નહિ હોવાનું જણાવે છે. આમ, સદરહું ફરીયાદીની સરતપાસ ધ્યાને લેતાં, ચોરી થયેલાની હકીકમત રેકર્ડ પર આવે છે પરંતુ ચોરી આ કામના આરોપીઓએ જ કરેલી

હતી તેવું પુરવાર થતું નથી. ફરીયાદીએ ચોરી કરતાં કોઈને નજરે જોયેલા ન હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં, હાલના આરોપીઓ વિરૂધ્ધ તેઓએ કોઈ ફરિયાદ આપેલ ન હોવાની હકિકત તથા આરોપીઓની ઓળખ પોલીસે તેઓને નહિ કરાવેલ હોવાની હકિકત તેઓ કબુલ રાખે છે. તેમજ કહેવાતા બનાવની બે દિવસ બાદ ફરિયાદ આપેલાની હકિકત તેઓ કબુલ રાખે છે.

વધુમાં, હાલના કામે આંક–૧૬ થી તપાસેલા પંચ સાહેદ ભોપાભાઈ વિભાભાઈ મુંધવા, આંક–૧૮ થી પંચ સાહેદ ચિરાગભાઈ ભુપતભાઈ ડણીચા, આંક–૧૯ થી પંચ સાહેદ સવજીભાઈ ગોવિંદભાઈ રાઠોડ અને આંક–૨૧ થી પંચ સાહેદ ભરતભાઈ ભુદરભાઈ સોલંકિ તેમજ આંક–૨૨ થી પંચ સાહેદ ઈમ્તીયાઝભાઈ ગુલામહુશેન મળવત અને આંક–૨૬ થી પંચ સાહેદ તૌફિકભાઈ દાદુભાઈ રાઠોડ નાઓ પણ પોલીસે તેઓને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલાની હકીકત તેઓ જણાવે છે તેમજ તે પંચનામા બાબતે તેઓ કાંઈ જાણતા ન હોય જેથી સદરહું કામે પંચ સાહેદોની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન મળતું નથી. વધુમાં વાયરની ચોરી કોણે કરેલી તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આથી, હાલના કામના આરોપીઓએ વાયરની ચોરી કરી છે કે કેમ તે બાબતે શંકા ઉપજે છે. આથી, હાલના કામે રજુ થયેલ પુરાવાથી ફરીયાદ હકીકતે કહેવાતી ચોરી આ કામના આરોપીઓએ જ કરેલ હોય તેવી હકીકત ગંભીર શંકા ઉભી કરે છે ત્યારે તેનો સીધો લાભ આરોપીઓને મળવાપાત્ર છે અને રજુ થયેલ પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવવા તે પુરાવાઓ અપુરતા હોય ત્યારે સદર કેસમા પુરાવાઓનું મુલ્યાંકન કરતા આરોપીઓ વિરુધ્ધનો કેસ સંપૂર્ણપણે સાબીત થઈ શકેલ નથી અને આરોપીઓએ ગુનો કર્યા અંગે શંકા ઉત્પન્ન થાય છે. જેથી ફરીયાદપક્ષના આક્ષેપીત ગુનાઓ આરોપી વિરુધ્ધ નિ:શં

કપણે સંપૂર્ણ પુરવાર થતાં નહી હોવાનુ અદાલતના રેકર્ડ ઉપર આવેલુ છે ત્યારે ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરુધ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર મુકવામા આવેલ છે. પરંતુ સદર કેસમા ફરીયાદપક્ષે મુકેલા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, ત્યારે મુકેલા આક્ષેપો મુજબના ગુનાઓ આરોપીઓએ કર્યા અંગે શંકા ઉત્પન્ન કરે છે. આરોપીઓએ ગુનો કર્યા અંગે થોડી પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો સીધો લાભ આરોપીઓને મળવાપાત્ર છે. ક્રીમીનલ જયુરિસપ્રુડંસના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતા, રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો તે આરોપીઓને તકસીરવાન ઠરાવવા પુરતા નથી. આમ, ફરીયાદપક્ષે રજુ કરેલ આરોપીઓ વિરુધ્ધના પુરાવાઓ પુરવાર થતાં ન હોવાથી આરોપીઓ વિરુધ્ધ અપુરતો પુરાવો મળી આવતા, સદર આરોપીઓને શંકાનો લાભ મળવાપાત્ર છે અને જો આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે તો તે ન્યાયી અને વ્યાજબી હોવાનુ જણાય આવે છે. જેથી આવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

## **–:: હુકમ ::–**

૧. આ કામનાં આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૨૭૧ (૧) અન્વયે, ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૦૩(૨), ૫૪ મુજબનાં ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૧ અન્વયે દરેક આરોપીએ અપીલ સમય સુધીના રૂા. ૫,૦૦૦/– ના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલ વાયર અને છકડો રીક્ષા અંગે અગાઉ જો કોઈ વચગાળાનો પરત સોંપવાનો હુકમ કરવામાં આવ્યો હોય તો તે અપીલ સમય વીત્યેથી કાયમ કરવામાં આવે છે અન્યથા ત.ક.અ.નાઓએ સદરહું મુદામાલ વાયર અને છકડો રીક્ષા તેના મુળ માલિકને ખરાઈ કરી પરત સોંપવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૩–૦૪–૨૦૨૬**
**ધંધુકા**

**(યુનુસઅહમદ ઈકબાલહુસેન શેખ)**
**પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને**
**એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,ધંધુકા.**
**Code No – GJ00967**

*વી. ડી. જોગરાણા*